વિકલાંગો કલ્યાણ યોજનાઓનો લાભ
આપવા માટે વિકલાંગતાની ટકાવારી
દર્શાવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૧/૮૫૭૮૮/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૧/૦૮/૨૦૧૮.

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨.૦૯.૨૦૧૬નો ઠરાવ.

(૨) ભૂતપૂર્વ શિક્ષણ અને મજુર વિભાગ, ગુજરાત સરકારનો તા.૧૦.૦૪.૧૯૭૦નો ઠરાવ ક્રમાંકઃ- ઈડીબી/૧૦૬૯/૨૧૫૬૦/છ

(3) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૩.૧૦ .૧૯૯૧નો ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૯૦/૪૭૫૬/છ.

(૪) આ વિભાગનો તા.૩૧.૦૭.૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૩/ ૮૩૩૯૬૦/ન.બા.૮/છ-૧

(૫) આ વિભાગનો તા. ૨૬.૦૮.૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૩ /૮૦૩૯૬૦/ન.બા.૮/છ-૧

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૦/૦૬/૨૦૧૮નો પત્ર નં. અપગ/વિક. યોજનાઓ/૧૮-૧૯/૨૬૨.

આમુખ :-

વંચાણે લીધેલ (૧) પરના ઠરાવથી વિકલાંગોને શિષ્યવૃત્તિની યોજના તથા ઈન્દિરા ગાંધી નેશનલ પેન્શન અને સંત સુરદાસ યોજનામાં લાભો આપવા માટે વિકલાંગતાની ટકાવારી દર્શાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૨) પરના ઠરાવથી અપંગોને કૃત્રિમ અવયવ બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી સાધનો ખરીદવા માટે સહાય આપવાની યોજના અમલમાં છે તેમજ વંચાણે લીધેલ (3) પરના આ યોજનામાં રૂ.૧૦,૦૦૦/-ની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા અપંગોને રૂ.૧,૫૦૦/- મર્યાદા હેઠળ સહાય મંજુર કરવામાં આવેલ. પરંતુ આ ઠરાવોમાં જુદી જુદી કેટેગરી ધરાવતા વિકલાંગોને કેટલી ટકાવારી મુજબ લાભ આપવાનો થાય છે તે બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

વંચાણે લીધેલ (૪) પરના ઠરાવથી વિકલાંગ થી વિકલાંગ અને વિકલાંગથી સામાન્ય વ્યક્તિઓને લગ્ન માટે આર્થિક સહાયની યોજના અમલમાં છે તેમજ વંચાણે લીધેલ (૫) પરના ઠરાવથી આ યોજનામાં ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી વિકલાંગતા ધરાવતા વિકલાંગોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે તે બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે પરંતુ બીજી જુદી કેટેગરી ધરાવતા વિકલાંગોને કેટલી ટકાવારી મુજબ લાભ આપવાનો થાય છે તે બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

વિકલાંગ સાધન સહાય યોજના અને વિકલાંગ થી વિકલાંગ તથા સામાન્ય વ્યક્તિથી વિકલાંગ લગ્ન સહાય યોજના હેઠળ જુદી જુદી કેટેગરી ધરાવતા વિકલાંગોનો ઠરાવમાં ઉલ્લેખ કરવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલ (૬) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૬) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગ સાધન સહાય યોજના અને વિકલાંગ થી વિકલાંગ તથા સામાન્ય વ્યક્તિથી વિકલાંગ લગ્ન સહાય યોજનાઓ માટે નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબ ટકાવારી ગણવાનું આથી ઠરાવવામાં આવે છે.

| વિકલાંગતાનો પ્રકાર | વિકલાંગતાની શ્રેણી | વિકલાંગતાની ટકાવારી |
|---|---|---|
| અસ્થિવિષયક વિકલાંગતા | - | ૪૦ ટકા |
| દ્રષ્ટિવિષયક | ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ થી વધુ ન હોય | ૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ |
| શ્રવણ મંદ | ૭૧ ડેસીબલ કે તેથી વધુ | ૭૧ થી ૧૦૦ ટકા |
| મંદબુધ્ધિ (માનસિક મંદતા) | ૫૦-૭૦ બુધ્ધિઆંક | ૫૦ ટકા |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. કે. પાંડર )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.